રાષ્ટ્રીય કૃમિ નાશક દિનની ઉજવણી કરવા બાબત.

નં. ૪૮૬ /સી.ઓ.એચ./એફડબલ્યુ/એસએનસી/એનડીડી/૧૭/૦૧/૨૦૧૯
ગુજરાત સરકાર
ગાંધીનગર
તારીખ: ૧૭ જાન્યુઆરી ૨૦૧૯

ડૉ.જયંતિ રવિ
અગ્ર સચિવ વ
કમિશનર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ

ડૉ. વિનોદ રાવ
સચિવ
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

શ્રી મિલિંદ તોરવાણે
કમિશનર વ સચિવ
મહિલા અને બાળ વિકાસ

શ્રીમાન/શ્રીમતી,

રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ એ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા રાષ્ટ્રીય પોષણ મિશનની મહત્વની વ્યૂહરચનાઓમાંની એક છે. આંતરડાની કૃમિથી સંક્રમિત બાળકો ભુખ ગુમાવે છે. જેના લીધે શરીરમાં લોહીની ઉણપ(પાંડુરોગ), વિટામીન "એ" ની ઉણપ, શારિરીક અને માનસીક વિકાસમાં ઘટાડો થાય છે. જેના પરીણામે કુપોષણ જેવી ગંભીર પરિસ્થિતી સર્જાય છે. જેના નકારાત્મક અસરના ભાગ રૂપે પુર્વ પ્રાથમિક /પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી અવરોધાય છે.

રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (એનડીડી) દર વર્ષે ઓગષ્ટ અને ફેબ્રુઆરી મહિનામાં વર્ષમાં બે વાર ઉજવવામાં આવે છે જે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય વિભાગ અંતર્ગત શરૂ કરવામાં આવેલ વ્યુહ રચના પૈકી એક છે. આ વર્ષે પણ આવનાર ૮ ફેબ્રુઆરી ૨૦૧૯ ના દિવસે રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ સમગ્ર ગુજરાતમાં એક સાથે ઉજવવામાં આવનાર છે. આ દિવસે રહી ગયેલ બાળકોને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ મોપ અપ રાઉન્ડ યોજી આવરી લેવાના રહેશે. જે અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત સંકલિત બાળ વિકાસ યોજના, પ્રાથમિક – માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ વિભાગ, પાણી પુરવઠા વિભાગ (વાસ્મો), ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, આદિજાતિ વિભાગ અને અન્ય બિનસરકારી સંસ્થાઓ સાથે સંકલન કરી ૧-૧૯ વર્ષના તમામ શાળાએ જતા અને શાળાએ નજતા તમામ બાળકો, કિશોર-કિશોરીઓ ને આલ્બેન્ડાઝોલ ગોળી ગળાવવાની રહેશે.

રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (એનડીડી) રાઉન્ડ દરમિયાન ડીવોર્મિંગ ગોળીઓવાળા લક્ષિત બાળકોના અસરકારક કવરેજ માટે નીચેના પગલાં સૂચવવામાં આવ્યા છે:

૧. તમામ સંબંધિત વિભાગો સાથે સંકલન કરી વિવિધ સ્તરે માર્ગદર્શીકા મુજબની પ્રવૃતિઓ કરાવવી.
૨. એનડીડીના અસરકારક અમલીકરણ અંગે આરોગ્ય વિભાગ સાથે તમામ સંબંધિત વિભાગો સાથે સંકલન કરવું.
૩. જિલ્લા વિકાસ અધિકારીઓની અધ્યક્ષતામા જીલ્લા કક્ષાની સંકલન સમિતિઓની બેઠક યોજવી.
૪. શિક્ષણ વિભાગ અને મહિલા અને મહિલા અને બાળ વિકાસ વિભાગ (આઇસીડીએસ) દ્વારા ૦-૧૯ વયજૂથના તમામ બાળકોના લક્ષ્યાંક નક્કી કરવા જેથી કરી માર્ગદર્શિકામાં સુચવ્યા મુજબ આરોગ્ય વિભાગને લક્ષ્યાંક પુરો પાડવામા આવે, જેથી કરીને રાષ્ટ્રીય કૃમિનાશક દિવસનાં સંચાલન કરવા માટે જરૂરી આલ્બેન્ડાઝોલ ટેબ્લેટ્સનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવે અને તમામ બાળકો સુધી પહોંચવાની પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવે.
૫. તમામ વિભાગો દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ (એનડીડી)ને તેમના માસિક મિટીંગમાં કાર્યસૂચિમાંના એક જરૂરી પ્રોગ્રામ માટેના મુખ્ય સંદેશાઓ પ્રસારીત કરવું અને પ્રોગ્રામને સફળ બનાવવામાં આવે અને ઉચ્ચ લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવે.
૬. સંબંધિત અન્ય વિભાગો સાથે સંકલન કરી અન્ય કાર્યક્રમો જેવા કે સ્વચ્છ ભારત અભિયાન, પંચાયતી રાજ વિભાગ, આદિજાતિ કલ્યાણ વિભાગ, શહેરી સંસ્થાઓ સાથે રહી વિવિધ પ્રોગ્રામ સાથે ડીવોર્મિંગની સાથે WASH મેસેજને આવરી લેવા માટે તમામ બાળકો સુધી પહોંચવામાં મદદ કરવા શહેરી સંસ્થાઓ સાથે જોડાણ.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક / ઉ. મા. શાળા તમામ
તાત્કાલિક જાણ તથા અમલવારી સારુ

For Dist. Education Officer
BHAVNAGAR.

Scanned by CamScanner

૭. કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જીલ્લાની તમામ સરકારી શાળાઓ/ખાનગી શાળાઓનું સંચાલન શિક્ષણ વિભાગ દ્વારા કરી રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસની ઉજવણીના સફળ બનાવવામાં આવે.

૮. શિક્ષણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ આરોગ્ય વિભાગને પુરતો સહયોગ આપવો, શિક્ષકો અને આંગણવાડી કર્મચારીઓની બ્લોક લેવલ તાલીમ સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવે.

૯. પ્રોગ્રામ જાગરૂકતા વધારવા માટે અને વધુ કવરેજને સરળ બનાવવા માટે શાળા, આંગણવાડી અને સમુદાયને આરોગ્ય વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલ આઈઈસી સામગ્રીનો પ્રસાર કરવા માટેના તમામ વિભાગોનું સકલન.

૧૦. તમામ વિભાગોના અધિકારીઓએ એનડીડી પર દેખરેખ અને સહાયક નિરીક્ષણ માટે ક્ષેત્રિય મુલાકાત લેવી જરૂરી છે અને ફરજિયાત અહેવાલો સુપરત કરવા.

૧૧. તાલુકા/બ્લોક કક્ષાએ એનડીડી ફેબ્રુઆરી ૨૦૧૯ રાઉન્ડના અસરકારક અમલીકરણ માટે જિલ્લાકક્ષાએ સંયુક્ત પત્ર દ્વારા અમલીકરણ અંગે સૂચના આપી શકાય.

જિલ્લા અધિકારીઓના સંબંધિત વિભાગોને ઉપર જણાવેલ સુચનાઓની અમલવારી કરવા રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસને સફળતા પુર્વક અમલમાં મૂકવા તેમજ ઇન્ટર-ડિપાર્ટમેન્ટલ કન્વર્જન્સની ખાતરી કરવા માટે ઉપરાંત તમામ તાલુકા/ બ્લોકને સદર બાબતે લખવા માટે આપશ્રીને વિનંતી. પ્રોગ્રામના સફળ અમલીકરણ માટે તમારા સમર્થન અને સહકારની અપેક્ષા સહ.

| આપનો સ્નેહાધીન | આપનો સ્નેહાધીન | આપનો સ્નેહાધીન |
|---|---|---|
| (ડૉ. જયંતિ એસ. રવિ) | (ડૉ. વિનોદ રાવ) | (શ્રી મિલિંદ તોરવણે) |

પ્રતિ,
- જિલ્લા કલેક્ટર વ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા સેવા સદન, તમામ...
- મ્યુનિશિપલ કમિશ્નરશ્રી, મ.ન.પા., તમામ ......
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તમામ ...

<u>નકલ રવાના</u> –
- વિભાગીત નાયબ નિયામકશ્રી, જા.આ. અને ત.એ. તમામ ......
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, તમામ......
- મેડીકલ ઓફિસરશ્રી ઓફ હેલ્થ, મ.ન.પા. તમામ .....
- જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત, તમામ ......
- જિલ્લા પ્રાથમિક/માધ્યમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ .....
- શાસણાધિકારીશ્રીઓ મ.ન.પા. તમામ .......

<u>નકલ સવિનય રવાના</u> –
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને તબીબી શિક્ષણ, ગાંધીનગર

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/કૃમિનાશક ડે/૨૦૧૯/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૦૫/૦૨/૨૦૧૯

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૭/૦૧/૨૦૧૯ ના પત્રથી આપવામાં આવેલ સુચના મુજબ આપના હસ્તકની પ્રાથમિક શાળાઓમાં રાષ્ટ્રીય કૃમિ નાશક દિનની ઉજવણી થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સારૂ . . .

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના:-
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
- શાસનાધિકારીશ્રી તમામ

Scanned by CamScanner